RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-12
December -2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]

# ભારતમા શહેરીકરણનો એક અભ્યાસ: સમસ્યાઓ અને ઉપાયો

Dr Bhaveshkumar Rajnikant Parmar

*Assistant Professor, Government Arts College, Dediapada .Dist. Narmada (India)*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 16 Dec 2019

**Keywords**
*Urban, Rural, Population, sex ratio.*

[*]**Corresponding Author**
*Email: brparmar1718[at]gmail.com*

**ABSTRACT**

*પ્રસ્તુત પેપર માં ભારત માં કુલ શહેરી વસ્તીનું પ્રમાણ તપાસવામા આવ્યું છે . પેપરનો મુખ્ય હેતુ ભારતની કુલ વસ્તીનું પ્રમાણ તપાસવાનો રહેલો છે. ભારતમાં સૌથી વધુ શેહેરી વસ્તી ધરાવતા રાજ્યો અને સૌથી ઓછી વસ્તી ધરાવતા રાજ્યોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. ભારતમા વસ્તીગણતરીના ૧૯૫૧ થી ૨૦૧૧ ના સમયગાળાના દરમિયાન કુલ વસ્તી શેહરી વસ્તીની ટકાવારીના આંકડા તપાસવામા આવ્યા છે. તેમજ ભારતમા શહેરીકરણના કારણો, સમસ્યાઓ અને તેને નિવારવાના પગલા સુચવવામા આવ્યા છે. ભારતમા શહેરી વસ્તીના કારણે જે સામાજીક અને આર્થીક સમસ્યાઓ ઉભી થાય છે, તેની અહી વિસ્તૃતમા ચર્ચા અત્રેના સંશોધન પેપરમા કરી છે.*

## 1. Introduction

### ➢ પ્રસ્તાવના :

ભારતને જ્યારે સ્વતંત્રતા પ્રાપ્ત કરી ત્યારે ભારતીય અર્થતંત્ર કૃષિપ્રધાન અર્થકારણ તરીકે ઓળખાતુ હતુ , અને મોટે ભાગે લોકો સંયુક્ત કુંટુંબમા જીવન નિર્વાહ કરતા હતા . જેમ જેમ ઔધોગિકીકરણ થતુ ગયુ તેમ તેમ ગામડા તુટતા ગયા અને શહેરો વિકસ્તા ગયા અર્થાત ઔદ્યોગિક ક્ષેત્રનો વિકાસ થતા ગ્રામિણ વસ્તીનુ શહેરો તરફ સ્થળાંતર વધતુ ગયુ અને શહેરી વસ્તીનુ પ્રમાણ વધતુ ગયુ .પ્રસ્તુત પેપરમા ભારતમા શહેરી વસ્તી વિષયક તલસ્પર્શી માહિતી મેળવવામા આવી છે .

### ➢ શહેરીકરણની વ્યાખ્યા :

ડૉ. મોરેના મત મુજબ “ શહેરીકરણ એટલે શહેરોમા વસવાટ કરતી વ્યક્તિઓનો વધતો જતો દર”

ઇ.સ. ૧૯૦૧ ના વસ્તી ગણતરીના અહેવાલ મુજબ ૫૦૦૦ કે તેથી વધારે વસ્તીવાળા વિસ્તારને શહેરી વિસ્તાર તરીકે ઓળખવામા આવે છે. આમ, કુલ વસ્તીમા શહેરી વસ્તીના પ્રમાણમા થતા વધારાને/ વૃધ્ધિની પ્રક્રીયાને શહેરીકરણ તરીકે ઓળખવામા આવે છે.

### ➢ શહેરીકરણની ગણતરીનુ સુત્ર :

શહેરી વસ્તીની ટકાવારી માપનની સાદી અને સૌથી વધુ પ્રચલિત પધ્ધિતમા શહેરી વિસ્તારમા રહેતા લોકોનુ ટકાવારી પ્રમાણ માપવાનુ હોય છે. જેની ગણતરી

શહેરી વસ્તીની ટકાવારી = શહેરી વસ્તી / કુલ વસ્તી * ૧૦૦

### ➢ અભ્યાસના હેતુઓ :

પ્રસ્તુત અભ્યાસ નો મુખ્ય હેતુ ભારતમાં શહેરી વસ્તી ના વલણો તપાસવાનો રહેલ છે આ હેતુને ધ્યાનમાં રાખી નીચેના હેતુઓ નો અભ્યાસ કરવામાં આવશે

(૧) ભારતમા શહેરી વસ્તીનું પ્રમાણ તપાસવુ
(૨) ભારતમા સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતા રાજ્યો નુ પ્રમાણ તપાસવુ
(૩) ભારતમા સૌથી ઔછી શહેરી વસ્તી ધરાવતા રાજ્યો નુ પ્રમાણ તપાસવુ
(૪)ભારતમા શહેરીકરણના કારણો તપાસવા

### ➢ અભ્યાસલક્ષી માહિતીનું એકત્રીકરણ :

પ્રસ્તુત સંશોધન લેખના હેતુઓનો અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે . જેમાં વિવિધ સંશોધન લેખ , વિવિધ સરકારી અહેવાલ થકી આંકડાકીય માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે .

### ➢ અભ્યાસની મર્યાદા : -

પ્રસ્તુત અભ્યાસએ સંપૂર્ણ સેકન્ડરી ડેટા ઉપર આધારિત છે એટલે એની વિશ્વસનીયતા તેના પ્રાપ્તિસ્થાન તેમજ વિવિધ સરકારી કચેરીઓના રિપોર્ટ ઉપર આધારિત છે. પ્રસ્તુત અભ્યાસ એ જે તે સમયગાળા ઉપર જ આધારિત છે જેને અન્ય સમયગાળા સાથે સાંકળી શકાશે નહીં

### ➢ ભારતની વસ્તી વિષયક રૂપરેખા :-

ભારત ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ ૧,૨૧,૦૫.૬૯,૫૭૩ કુલ વસ્તી ધરાવે છે , જેમા કુલ પુરુષ ૬૨,૩૧,૨૧,૮૪૩ અને કુલ સ્ત્રી ૫૮ ,૭૪,૪૭,૭૩૦ હતી.જેમા કુલ ૩૫ રાજ્ય અને ૬૪૦ જિલ્લા આવેલા છે . જેમા ૬ ,૪૦,૯૩૦ ગામડાઓનો સમાવેશ થાય છે . કુલ સાક્ષરતા દર ૭૩ % છે. અને દર હજાર પુરુષોએ સ્ત્રીઓનુ પ્રમાણ ૯૪૩ છે . અને વસ્તી ગિચતાનુ પ્રમાણ ભારતમા ૩૨૫ છે.

**Table : - (૧) ભારતમા શહેરીકરણના વલણો:**

| વર્ષ | કુલ વસ્તી (કરોડમા) | શહેરી વસ્તી (કરોડમા) | કુલ વસ્તીમા શહેરી વસ્તીનુ પ્રમાણ | શહેરી વસ્તીની ટકાવારીમા ફેરફાર (દાયકા દરમ્યાન) |
|---|---|---|---|---|
| ૧૯૫૧ | -- | ૬.૨૪ | ૧૭.૩ | -- |
| ૧૯૬૧ | ૪૩.૯૨ | ૭.૮૯ | ૧૮ | ૦.૭૦ |
| ૧૯૭૧ | ૫૪.૮૧ | ૧૦.૯૧ | ૧૯.૯ | ૧.૯૦ |
| ૧૯૮૧ | ૬૮.૫૩ | ૧૫.૯૫ | ૨૩.૩ | ૩.૪૦ |
| ૧૯૯૧ | ૮૪.૬૪ | ૨૧.૭૬ | ૨૫.૭ | ૨.૪૦ |
| ૨૦૦૧ | ૧૦૨.૮૭ | ૩૦.૬૦ | ૩૦.૫ | ૪.૮૦ |
| ૨૦૧૧ | ૧૨૧.૦૦ | ૩૭.૮૪ | ૩૧.૧૮ | ૦.૬૮ |
| પ્રાપ્તિ સ્થાન : સેન્સ્સ ઓફ ઇંડિયા, | | | | |

ભારતમાં વસ્તી વધારો થઈ રહ્યો છે પરંતુ ભારતની કુલ વસ્તી માં શહેરી વસ્તીનું પ્રમાણ આઝાદીના સમયગાળા દરમિયાન ઓછું જોવા મળે છે 1901માં કુલ વસ્તીમાં શહેરી વસ્તીનું પ્રમાણ લગભગ ૧૧ ટકા જેટલું હતું કે આઝાદી બાદ વર્ષ 1951માં વધીને ૧૭ ટકા જેટલું થવા પામ્યું હતું પરંતુ સ્વતંત્રતા બાદ ઝડપી વિકાસના ધ્યેય લઇને શહેરીકરણમાં પણ વધારો થવો જોઈતો હતો પરંતુ તે જોવા મળ્યો ન હતો એટલે કે વર્ષ 2001માં કુલ વસ્તીમાં વધારો થયો પરંતુ શહેરની વસતીના પ્રમાણમાં માત્ર 13.2 ટકા જેટલી વૃદ્ધિ જોવા મળતી હતી જ્યારે 2011માં શહેરી વસ્તીનું પ્રમાણ લગભગ ૩૧ .૧૮% જોવા મળ્યું છે કે આમ છતાં ભારતમાં હાલમાં શહેરી વસ્તી દર વર્ષે સરેરાશ ત્રણ ટકાના દરે વધે છે જે દર વસ્તી વૃદ્ધિનો દર કરતા વધારે છે વર્ષ 2011માં ભારતના શહેરો એવા છે કે જેમાં પ્રત્યેક ની વસ્તી ૧૦ લાખથી વધુ લોકોની છે કોલકાતા , મુંબઇ, ચેન્નાઇ અને દિલ્હી કે જે ભારતના મુખ્ય ચાર મહાનગરો છે તેના પ્રત્યેક ની કુલ વસ્તી એક કરોડથી વધુ છે

આમ ભારતમાં શહેરી વસ્તીમાં જે અસાધારણ વૃદ્ધિ થઈ છે તે માટેનો મુખ્ય કારણોમાં આંતર તથા કુદરતી વૃદ્ધિદર ગણાવી શકાય ભારતમાં શહેરી વસ્તીમાં પણ અલગ-અલગ શહેરોમાં વૃદ્ધિની માત્રામાં વિભિન્નતા જોવા મળતી હતી જ્યાં ઔધોગિકરણ વધુ તેવા શહેરો માં વસ્તીની ગીચતા વધુ હતી વસ્તી વૃદ્ધિને કારણે નગરપાલિકા અને મહાનગરપાલિકાની સંખ્યામાં વૃદ્ધિ થાય છે.

**Table : - (૨) સૌથી વધુ શહેરીકરણ ધરાવતા રાજ્યો**

| | | | Urban | Rural |
|---|---|---|---|---|
| Rank | State | Total Population | Urban Pop (%) | Rural Pop (%) |
| 1 | Delhi | 16,787,941 | 97.50 | 2.50 |
| 2 | Chandigarh | 1,055,450 | 97.25 | 2.75 |
| 3 | Lakshadweep | 64,473 | 78.07 | 21.93 |
| 4 | Daman and Diu | 243,247 | 75.17 | 24.83 |
| 5 | Puducherry | 1,247,953 | 68.33 | 31.67 |
| 6 | Goa | 1,458,545 | 62.17 | 37.83 |
| 7 | Mizoram | 1,097,206 | 52.11 | 47.89 |
| 8 | Tamil Nadu | 72,147,030 | 48.40 | 51.60 |
| 9 | Kerala | 33,406,061 | 47.70 | 52.30 |
| 10 | Dadra and Nagar Haveli | 343,709 | 46.72 | 53.28 |

પ્રસ્તુત કોષ્ટકમાં સૌથી વધુ શહેરીકરણ ધરાવતા પ્રથમ દસ રાજ્યો દર્શાવવામાં આવ્યા છે જે અંતર્ગત કેન્દ્રશાસિત પ્રદેશમાં સૌથી વધુ શહેરીકરણનું પ્રમાણ સૌથી વધુ જોવા મળે છે જે અનુસાર દિલ્હીમાં 97.50% વસ્તી શહેરી વિસ્તારમાં રહે છે જ્યારે તમિલનાડુ રાજ્યમાં 48.40 ટકા વસ્તી શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે , દિલ્હી બાદ ચંડીગઢ , લક્ષદીપ, દમણ અને દીવ અને પોંડિચેરી ક્રમે આવે છે

**Table : - 3 સૌથી ઓછું શહેરી વસ્તી ધરાવતા રાજ્યો**

| | | | Urban | Rural |
|---|---|---|---|---|
| Rank | State | Total Population | Urban Pop (%) | Rural Pop (%) |
| 1 | Himachal Pradesh | 6,864,602 | 10.03 | 89.97 |
| 2 | Bihar | 104,099,452 | 11.29 | 88.71 |
| 3 | Assam | 31,205,576 | 14.10 | 85.90 |
| 4 | Orissa | 41,974,218 | 16.69 | 83.31 |
| 5 | Meghalaya | 2,966,889 | 20.07 | 79.93 |
| 6 | Uttar Pradesh | 199,812,341 | 22.27 | 77.73 |
| 7 | Arunachal Pradesh | 1,383,727 | 22.94 | 77.06 |
| 8 | Chhattisgarh | 25,545,198 | 23.24 | 76.76 |
| 9 | Jharkhand | 32,988,134 | 24.05 | 75.95 |
| 10 | Rajasthan | 68,548,437 | 24.87 | 75.13 |

પ્રસ્તુત કોષ્ટકમાં ભારત દેશમાં સૌથી ઓછી શહેરી વસ્તી ધરાવતા રાજ્યોનો રાજ્યોના આંકડા દર્શાવવામાં આવેલ છે જે ઉપરથી જણાઈ આવે છે કે હિમાચલ પ્રદેશમાં માત્ર ૧૦ .૦૩ ટકા જેટલી વસ્તી શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે જ્યારે બીજા ક્રમે બિહાર રાજ્યમાં ૧૧ .૨૯ટકા જેટલી વસ્તી શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે જ્યારે આસામ ત્રીજા ક્રમે કે જે રાજ્યમાં 14.10 ટકા જેટલી વસ્તી શહેરી વિસ્તારમાં વસવાટ કરી રહી છે જ્યારે દસમા અને છેલ્લા ક્રમે રાજસ્થાન રાજ્યમાં કુલ વસ્તીના ૨૪.૮૭ ટકા વસતિ શહેરી વિસ્તારમાં વસવાટ કરી રહી છે

➢ **શહેરીકરણના કારણો**

શહેરીકરણને આધુનિકતા અને વિકાસનું એક મહત્વનું પરિબળ માનવામાં આવે છે અર્થાત્ શહેરીકરણ અને વિકાસને એક સિક્કાની બે બાજુ ગણી શકાય જેની પાછળના મુખ્ય કારણો જોઈએ તો;

- આર્થિક તકો , વ્યવસાયિક તકો , રોજગારીની તકો ગ્રામીણ વિસ્તારની તુલનામાં શહેરી વિસ્તારમાં સરળતાથી પ્રાપ્ત થતી હોવાથી ગ્રામીણ યુવાધન શહેરો તરફ આકર્ષાય છે
- ઈ.સ. ૧૯૯૧ની નવી આર્થિક નીતિ અમલમાં આવ્યા બાદ ખાનગી ક્ષેત્રે રોજગારીની તકોનું વધુ ઝડપથી સર્જન થયું હોવાથી શહેરી વિસ્તારો વધુ વિકાસ પામ્યા છે જેના પરિણામ સ્વરૂપ રોજગારીની તકોનું સર્જન પણ થવા પામ્યુ છે, માટે ગ્રામીણ યુવાધન શહેરો તરફ દોટ મૂકે છે
- ગ્રામીણ વિસ્તારમાં આર્થિક ઉપાર્જનનું એક માત્ર સાધન અથવા ક્ષેત્ર છે પરંતુ તે ઉદ્યોગ ક્ષેત્રની તુલના માં એટલું લાભદાયક રહ્યુ નથી કારણ કે કૃષિ ક્ષેત્રે કુલ ખેતીલાયક જમીનના લગભગ 40 ટકા જમીનને સિંચાઇનો લાભ મળે છે જ્યારે આકાશી ખેતી પર નિર્ભર રહેવું પડતું હોવાથી ગ્રામીણ ક્ષેત્રે યુવાધન કે પછી ખેતી ક્ષેત્રે કામ કરતા લોકોને શહેરી વિસ્તાર આકર્ષક લાગે છે
- કાર્યશીલ વસ્તી રોજગારીની શોધમાં ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં સ્થળાંતરને કારણે શહેરો વધુને વધું વિકસતા જાય છે જેને પરિણામ સ્વરૂપ શહેરી વિસ્તારની અંદર પાયાની જરૂરિયાતો વિકસાવવાની જવાબદારી સરકારને માટે ઊભી થાય છે.
- સરકાર પણ ગ્રામીણ વિસ્તાર કરતા શહેરી વિસ્તારમાં વિવિધ સેવાઓનો વિસ્તરણ પાછળ મોટી માત્રામાં મૂડી રોકાણ કરવાને કારણે યુવાધન શહેરો તરફ વધુ આકર્ષાય છે.
- શહેર અને ગામડાં વચ્ચે વાહન વ્યવહારનો વિકાસ લોકોની જરૂરીયાત મુજબ ન થયેલો હોવાથી લોકો શહેરી વિસ્તારમાં રહેવા મજબૂર બને છે અને શહેરી વસ્તીનું પ્રમાણ વધે છે
- ગ્રામીણ વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણ, ટેકનિકલ શિક્ષણની સુવિધાઓ /સેવાઓનું પ્રમાણ શહેરી વિસ્તાર કરતાં

RRIJM 2015, All Rights Reserved

તુલનાત્મક રીતે ઓછું કે નહીં હોવાને કારણે ગ્રામીણ વિસ્તારમાં લોકો વસવાટ કરતા નથી

- શહેરીકરણનું એક સામાજિક કારણ એ પણ છે કે શહેરી વિસ્તારમાં રહેતા લોકોનો સામાજિક મોભો ગ્રામીણ વિસ્તાર કરતાં સમાજમાં મોભાનું સ્થાન ધરાવે છે માટે લોકો શહેરી વિસ્તારમાં રહેવાનું પસંદ કરે છે

➢ **શહેરીકરણ ની સમસ્યાઓ**

શહેરીકરણને કારણે શહેરી વિસ્તારમાં વિભિન્ન સમસ્યાઓ ઊભી થાય છે કારણ કે જે દરેક શહેરી વિસ્તારમાં વસ્તીનું પ્રમાણ વધે છે તેના પ્રમાણમાં સુવિધાઓનું પ્રમાણ ઉભુ થતું નથી જેના પરિણામ સ્વરૂપ સામાજિક-આર્થિક અસંતોષનું પ્રમાણ વધવા પામે છે અને તે સમસ્યાના સ્વરૂપે સમાજમાં દ્રષ્ટિગોચર થાય છે

- શહેરી વિસ્તારમાં મુખ્યત્વે ચોખ્ખાં પીવાના પાણીની તંગી સર્જાતી જોવા મળતી હોય છે જેમાં 1911 અને 2014ના લગભગ ૧૦૦ વર્ષના ગાળામાં ભારતે પોતાના તળાવના લગભગ 50% ગુમાવી દીધા છે જેના પરિણામ સ્વરૂપ ભૂગર્ભજળની પ્રાપ્યતા ઘટતી જાય છે જ્યારે બીજી તરફ ભારે વરસાદ થાય છે ત્યારે પાણીનો નિકાલ થઈ શકતો નથી.
- શહેરીકરણને કારણે ઝૂંપડપટ્ટીની સંખ્યામાં પણ વધારો થતો જાય છે ગીચ ગંદા વસવાટને કારણે માનવ સ્વાસ્થ્ય ઉપર તેની વિપરીત અસરો જોવા મળે છે
- શહેરી વિસ્તારમાં ઊભો થતો ઘન કચરાના નિકાલની વ્યવસ્થા પણ એક ઉકેલ માગી લે તેવો પ્રશ્ન છે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના અંદાજ મુજબ વર્ષ 2011માં ભારતમાં રોજનો ૧૨.૭ કરોડ કિલોગ્રામ કચરો નિકળી રહ્યો હતો.
- શહેરીકરણના પરિણામ સ્વરૂપ સરકાર પક્ષે કેટલીક આર્થિક તેમજ સામાજિક જવાબદારી અદા કરવી પડતી હોય છે જેને કારણે સરકારને સારા એવા પ્રમાણમાં જાહેર ખર્ચ કરવો પડતો હોય છે જેમકે શાળા , દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર , સામુહિક આરોગ્ય કેન્દ્ર, રોડ , રસ્તા , વીજળી અને પાણી વગેરે માળખાકીય સુવિધાઓ ઊભી કરવા પાછળ ખર્ચ ઉદભવતો હોય છે
- શહેરીકરણને લીધે બાળ ગુનેગારી બાળમજૂરી અને અનૈતિક વ્યવહાર જેવા સામાજિક પ્રશ્નો સામાજિક બદીઓ પણ સમાજમાં ઉભી થતી જોવા મળે છે
- દ્વૈતવાદનો પ્રશ્ન પણ મુખ્યત્વે જોઈએ તો શહેરીકરણને કારણે જોવા મળે છે જેમાં શહેરી વિસ્તારમાં વધુ ને વધુ ભૌતિક સુખ-સુવિધાઓ નું પ્રમાણ ઝડપથી વિકસતું જોવા મળે છે જ્યારે બીજી તરફ ઝૂંપડપટ્ટીઓમાં ભૌતિક સુવિધાના નામે મીંડુ જોવા મળે છે આ દ્વૈતવાદ ભારત-ઇન્ડિયા ના નામે ઓળખાય છે
- મૂડીરોકાણનું માળખું વિકૃત બનવા પામે છે કારણ કે શહેરી વિસ્તારની આવક સંપતિ ઝડપથી વધવાને કારણે મોજશોખ અને વૈભવવિલાસની વસ્તુઓની માગમાં ઝડપથી વૃદ્ધિ થવા પામે છે જ્યારે બીજી તરફ સમાજ ઉપયોગી વસ્તુઓ તેમજ ગરીબ વર્ગની જરૂરિયાત ધરાવતી વસ્તુઓનું ઉત્પાદન પાછળ મૂડીરોકાણ ઘટતા તેના ભાવો વધવા પામે છે.

➢ **શહેરીકરણ નિવારણના પગલા**

ઔધોગિક વિકાસના પગલે જે રીતે ગ્રામીણ વસ્તીનું શહેરી વિસ્તાર તરફ પ્રયાણ થઈ રહ્યું છે જેને અટકાવવા માટે નીચે મુજબના પગલા સરકાર લઇ શકે;

- શહેરી વિસ્તારમાં વસ્તી વધવાનું મુખ્ય કારણ જોઈએ તો એ રોજગાર પ્રાપ્તિમાં રહેલું છે જો સરકાર ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની તકોનું સર્જન કરે, જેમાં ગ્રામીણ વિસ્તારમાં ગૃહ ઉદ્યોગ થકી રોજગારી ઝડપથી ઉભી થઈ શકે એમ છે તો સરકારે ગૃહ ઉદ્યોગ વિકાસ સંબંધી પગલા લેવા જોઈએ
- ગ્રામીણ વિસ્તારમાં માળખાગત સુવિધાઓ ઉભી કરવી જોઈએ જેવીકે રોડ, રસ્તા, પાણી, વીજળી, રેલ્વે લાઇન વગેરેમાં ભારે માત્રામાં જાહેર મૂડીરોકાણ કરવામાં આવે તો ગ્રામીણ વિસ્તારમાં ખાનગી નિવેશકો મૂડીરોકાણ કરવા આગળ આવશે અને રોજગાર સર્જનને કારણે ગ્રામીણ વસ્તી નું સ્થળાંતર અટકાવી શકાશે.
- સરકારી અંતરિયાળ વિસ્તારમાં ઉદ્યોગસાહસિકોને વધુ માત્રામાં વિવિધ સહાય સબસીડી જાહેર કરવી જોઇએ જેથી ઉદ્યોગસાહસિકો શહેરી વિસ્તારની તુલનામાં અંતરિયાળ ગ્રામિણ વિસ્તારમાં ઉદ્યોગ સ્થાપવા માટે આગળ આવે અને ઉદ્યોગોનું કેન્દ્રીયકરણ ઓછું થાય સાથે-સાથે પ્રાદેશિક સમતુલા પણ સ્થપાય
- ગ્રામીણ વિસ્તારમાં સરકારી શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ વિકસાવવા પર ભાર આપવો રહ્યો કારણ કે ગ્રામીણ વિસ્તારમાં સરકારી અધિકારી કર્મચારી ત્યારે જ કામ કરવા સહજતાથી જોડાશે કે જ્યારે ગ્રામીણ

અને અંતરિયાળ વિસ્તારમાં આ સુવિધાઓ નું પ્રમાણ સંતોષકારક હશે

- સરકાર તરફથી ગ્રામીણ અને શહેરી વિસ્તારને જોડતી પરિવહન વ્યવસ્થા સરળ સુગમ અને સસ્તી કરવાથી પણ કેટ્લેક અંશે ગ્રામીણ વસ્તી કાયમી ધોરણે શહેરો તરફ આવતી અટકાવી શકાશે
- ગ્રામીણ વિસ્તારમાં મરઘાં ઉછેર કેન્દ્ર પશુપાલન તેમજ મધ ઉછેર કેન્દ્રની વિવિધ યોજનાઓના પ્રચાર અને પ્રસાર થકી ગ્રામીણ વિસ્તારમાં રોજગારી ઊભી કરી શકાય જેથી શહેરી વિસ્તારમાં લોકો રોજગારીની શોધ કરતા અટકશે અને ગ્રામીણ વિસ્તારમાં રોજગારી મેળવી ત્યાં સ્થાયી થશે.

➢ **સમાપન**

પ્રસ્તુત સંશોધન પેપર ભારતમાં શહેરીકરણનો એક અભ્યાસ જેમાં શહેરી વસ્તી અને ગ્રામીણ વસ્તીનો એક અભ્યાસ કરવામાં આવ્યો છે ભારતની અંદર આવેલા કુલ રાજ્ય પૈકી સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતા રાજ્ય અને સૌથી ઓછી શહેરી વસ્તી ધરાવતા રાજ્ય નો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો છે, જેમાં સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતા રાજ્યો માં કેન્દ્રશાસિત પ્રદેશનો સમાવેશ થતો જોવા મળે છે દિલ્હી સૌથી વધુ શહેરી વસ્તી ધરાવતું રાજ્ય જણાઈ આવે છે જ્યારે તમિલનાડુમાં 48.0 ટકા જેટલી શહેરી વસ્તી વસવાટ કરે છે જ્યારે બીજી તરફ સૌથી ઓછી શહેરી વસ્તી ધરાવતું રાજ્ય બિહાર, હિમાચલ પ્રદેશ. , આસામ, ઓરિસ્સા, ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢનો સમાવેશથાય છે. આ સાથે પ્રસ્તુત પેપરમાં શહેરીકરણ ના કારણો શહેરીકરણની સમસ્યાઓ તેમજ શહેરીકરણ નિવારણ માટેના પગલાં પણ વિસ્તૃતમાં ગહનતાપૂર્વકચર્ચા કરી છે સાથે-સાથે શહેરીકરણ નો અર્થ અને તેની માપવાની પદ્ધતિ પણ દર્શાવવામાં આવી છે.

**સંદર્ભ સૂચિ**


1. દાસ બી સ્વરૂપ (૧૯૯૧) શહેરીકરણની બીજી બાજુ સુરત શહેરના ઝુપડા વાસીઓ, સેન્ટર ફોર સોશિયલ સ્ટડીસ, સુરત
2. ઓઝા ગુણવંત, (૧૯૯૪) વસ્તી અને પર્યાવરણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.અમદાવાદ.
3. ભટ્ટ બી. કે, (૨૦૧૨) પર્યાવરણ નું અર્થશાસ્ત્ર પોપ્યુલર પ્રકાશન સુરત.
4. ભટ્ટ બી. કે, (૨૦૧૧) સામાજિક ક્ષેત્રનું અર્થશાસ્ત્ર પોપ્યુલર પ્રકાશન સુરત.
5. જોષી વી.એચ, (૧૯૯૫)ભારતની આર્થિક સમસ્યાઓ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય અમદાવાદ.
6. શાહ રમેશ બી , (૧૯૯૫)વિકાસશીલ રાષ્ટ્રો નું અર્થશાસ્ત્ર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય અમદાવાદ.
7. અર્થસંકલન મેગેઝીન ના વિવિધ લેખ અંક
8. વિશ્લેષણ મેગેઝિનના વિવિધ અંક


RRIJM 2015, All Rights Reserved 